# હા હું દર્શન છું....

- હા હું દર્શન છું. દુગુર્ણીઓ માટે સુદર્શન છું. મારી નસેનસમાં જ્ઞાન, નિષ્ઠા, પ્રતિષ્ઠા અને પરીશ્રમનો ધોધ વહી રહ્યો છે.
- મારા પાયાને શિસ્ત, શિક્ષણ અને સંસ્કારનું સિંચન કરી મજબુત બનાવાયા છે.
- હા હું એ જ દર્શન છું કે જેના બાળકો રાજયકક્ષા એ જ નહિ રાષ્ટ્રકક્ષાએ નામના મેળવી ચૂકયા છે.
- હા હું જ્ઞાનની પરબ છું જિજ્ઞાસુઓનું ભાથું છું મારી પાસે જિજ્ઞાસા અને સાચી ધગશથી આવનાર કયારેય નિરાશ થયા નથી.
- હા હું વિદ્યાર્થીઓનું તેજ છું વિચારોનું બીજ છું મારી ગોદમાં ગામે ગામના ભૂલકાઓ આવે છે પોતાની અંદર રહેલી શક્તિની ખીલવવાનો યર્થાય પ્રયાસ કરે છે.
- હા મે મારી દશ વર્ષની કારકિર્દીમાં ઘણી કારકિર્દીઓ બનાવી છે. મે મારી લીટીને મોટી દેખાડવા કયારેય કોઇની લીટીને ભૂંસી નથી પણ મે હંમેશા મારી લીટીને મહેનતપૂર્વક લાંબી કરવાનો નિષ્ઠાપૂર્વકનો પરીશ્રમ કર્યો છે.
- હા હું એ જ દર્શન છું જેના નિયમો અને બંધારણ ને સૌ પૂર્ણપણે નિષ્ઠાપૂર્વક વળગીને ચાલે છે. જેના માટે મારા વાલીઓ વંદન અને અભિનંદનને પાત્ર છે.
- મને મારા પણાનો ગર્વ છે હું માત્ર ઇંટ, ચૂના કે પથ્થરથી ઊભી કરેલી ઇમારત નથી હા હું એક ધબકતો વિચાર છું. જે શાશ્વત, સનાતન અજર અમર અને અવિનાશી છે.
- હા હું દર્શન છું... દર્શન છું... દર્શન છું...

